### વિભાજીત પંચાયતોની કુલ બેઠકો, અનામત બેઠકો જાહેર

# સાબરકાંઠા જિલ્લાની ૨૨૦ ગ્રામ પંચાયતોમાં ઝડપથી પ્રજાને વહીવટદારોના શાસનમાંથી મુક્તિ મળશે

**ઑગષ્ટના અંત કે સપ્ટેમ્બરમાં ચૂંટણી યોજાય તેવી સંભાવના, સંસદની ચૂંટણી પહેલાં સેમી ફાઈનલ જેવો જંગ**

બાયડ, તા.૧૫

સાબરકાંઠા જિલ્લાની વિભાજીત તેમજ મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોમાં વહીવટદારોના શાસનથી કેટલાક વિસ્તારોમાં પ્રજા નાખુશ જણાઈ રહી છે પરંતુ વિભાજીત પંચાયતોની કુલ બેઠકો અને અનામત બેઠકો જાહેર થવા લાગતાં અને ઓ.બી.સી. અનામત મુદ્દે સરકાર દ્વારા નિમેલા પંચનો અહેવાલ સરકારને સુપ્રત કરાતાં ઑગષ્ટના અંત કે સપ્ટેમ્બરમાં મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી યોજાય તેવી સંભાવના વધી છે. સાબરકાંઠા જિલ્લામાં ૨૨૦ ગ્રામ પંચાયતોમાં અનેક મૂરતિયા સરપંચ બનવાની કતારમાં છે. આવતા વર્ષે સંસદની ચૂંટણી યોજાવવાની છે તે પહેલાં ભાજપ-કોંગ્રેસ માટે પંચાયતની ચૂંટણી સેમી ફાઈનલના જંગ જેવીબની શકે છે.

મળતી માહિતી અનુસાર રાજ્યમાં ઓ.બી.સી. સમાજની વસતીના આધારે ગ્રામ પંચાયત, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં અનામત આપવાની માંગ થઈ અને તેના કારણે ગત જુલાઈ-૨૦૨૨થી રાજ્યમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ મુદત પૂર્ણ થઈ હોવા છતાં મુલત્વી રાખવામાં આવી અને ત્યાર પછી અનેક ગ્રામ પંચાયતોનું વિભાજન થયું તે અરસામાં રાજ્ય સરકારે નિવૃત્ત ચીફ જસ્ટીસ એસ.કે.ઝવેરીની અધ્યક્ષતામાં પંચની નિમણૂંક કરી હતી અને અહેવાલ સુપ્રત કરવામાં લાંબો સમય પસાર થઈ ગયો જેથી અનેક મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોમાં વહીવટદારોના શાસનના કારણે વિકાસ કામો ઠપ્પ થવાની સાથે પ્રજાની હાલાકી વધી હતી. પરંતુ હવે નિમેલા પંચે સરકારમાં અહેવાલ આપ્યા પછી હવે વિભાજીત પંચાયતોમાં કુલ બેઠકો અને અનામત બેઠકોની ફાળવણી માટે મુસદારુપ આદેશ કરી દેવામાં આવ્યા છે તે જોતાં સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર તાલુકામાં સામાન્ય ચૂંટણીઓ યોજાઈ શકે છે.

**૨૨૦ પંચાયતોમાં વહીવટદારનું શાસન**

| જિલ્લો | કુલ ગ્રામ પંચાયત | વહીવટદારી પંચાયત |
|---|---|---|
| સાબરકાંઠા | ૫૧૬ | ૨૨૦ |

# ખેડબ્રહ્મામાં રૂપિયા ૧૧.૧૧લાખનું દાન લઈ સમાજવાડીમાં લગાવેલી તક્તી તોડી નાખતાં ફરિયાદ

**સમાજના પ્રમુખ સહિત ૨ જણ સામે ગુનો નોંધાયો, દાન પરત ન આપતાં વિવાદ વકરવાની દહેશત**



બાયડ, તા.૧૫

ખેડબ્રહ્માના શામનગરમાં ૨૮ ગામ રોહિત સમાજ પરગણા સમાજની વાડીમાં રુ ૧૧,૧૧,૦૦૦નું દાન લીધા પછી લગાડવામાં આવેલ તક્તી તોડી નાખવામાં આવતાં વિવાદ ઉભો થયો છે. દાતા દ્વારા તેમના માતા-પિતાના સ્મરણાર્થે દાન આપી તક્તી સમાજવાડીમાં લગાડવામાં આવી હતી પરંતુ સમાજના પ્રમુખ અને અન્ય રાજકીય આગેવાને તે તોડી નાખતાં મામલો પોલીસ દફતરે પહોંચ્યો છે. બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

મળેલ જાણકારી મુજબ વડાલી તાલુકાના ભાણપુર વસાહતના વતની અને હાલ હિંમતનગરની શારદાકુંજ સોસાયટીમાં રહેતા નટવર મોહનભાઈ પરમારે તેમના માતા-પિતાના નામની તક્તી ખેડબ્રહ્મા ખાતે આવેલ સમાજની વાડીમાં લગાવવા માટે રુ ૧૧,૧૧,૦૦૦નું દાન આપ્યું હતું જેમાં દાન આપ્યા પછી રોહિત સમાજવાડીમાં તક્તી પણ લગાડવામાં આવી. દરમ્યાન ગત તા.૨૮- ૫-૨૦૨૩ના રોજ ૨૮ગામ રોહિત સમાજ પરગણાના પ્રમુખ માધાભાઈ ખેમાભાઈ પરમાર (રહે. ચાંપલપુર, ખેડબ્રહ્મા) અને રાજકીય આગેવાન મહેશભાઈ સોલંકીએ ભેગા થઈ સમાજવાડીની તક્તી તોડી નાખી નુક્સાન કર્યું હતું. જ્યારે દાન પેટે લીધેલા રુપિયા પણ સમાજના ઉપરોક્ત આગેવાનોએ પરત ન આપતાં વિવાદ ઉભો થયો છે. સમાજના અન્ય આગેવાનોની મધ્યસ્થીથી દાતાએ આ મુદ્દે ઉકેલ લાવવા માટે પ્રયત્નો કરી જોયા હતા પરંતુ કોઈ ફળદાયી પરિણામ મળ્યું ન હોવાના કારણે આખરે પોલીસ ફરિયાદ આપી છે. બનાવ અંગે નટવરભાઈ મોહનભાઈ પરમારની ફરિયાદના આધારે ખેડબ્રહ્મા પોલીસે આરોપી માધાભાઈ પરમાર અને મહેશભાઈ સોલંકી વિરુદ્ધ તક્તી તોડવાનું નુકસાન તેમજ વિશ્વાસધાતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**સમાજના અન્ય આગેવાનોની મધ્યસ્થીથી દાતાએ આ મુદ્દે ઉકેલ લાવવા માટે પ્રયત્નો કરી જોયા હતા પરંતુ કોઈ ફળદાયી પરિણામ મળ્યું ન હોવાના કારણે આખરે પોલીસ ફરિયાદ આપી**

# સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ પાલનપુર દ્વારા જેસોર કેદારનાથ ગુફા સુધીના માર્ગ ઉપર સિડબોલનું રોપણ

પાલનપુર તા.૧૫

બનાસકાંઠા ડીસ્ટ્રીકટ કેળવણી મંડળ પાલનપુર સંચાલિત આર આર મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી એલ પરીખ કોલેજ ઓફ કોમર્સ પાલનપુરના નેચર ક્લબ અને ગ્રીન ઓડિટ કમિટી દ્વારા કોલેજના ૨૫ વિધાર્થીઓ તથા સ્ટાફ અને ડીસા ના ૧૫ પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા



પાલનપુર નજીક આવેલા ઈકબાલગઢ ના વિસ્તારમાં આવેલી તળેટી થી કેદારનાથ સુધી જાંબુના ૨૦૦૦ જેટલા સિડબોલ નું અને બીજા ચરણ માં કેદારનાથ થી મુનીજી ની ગુફા સુધી પારિજાતના આશરે ૩૦૦૦ જેટલા સીડબોલ નું રોપણ કરવામાં આવ્યું હતું .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,બનાસકાંઠા જીલ્લા ને હરિયાળો બનાવવા નેચરકલબ અને ગ્રીન ઓડિટ કમિટી ધ્વારા કોલેજ કેમ્પસ તેમજ બાલારામ અને અન્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક વર્ષોથી ચોમાસામાં સીડબોલ રોપવામાં આવી રહ્યા છે.

આ કાર્યક્રમ ડીસા ના જાણીતા ડોક્ટર અને પર્યાવરણવિદ ડૉ.નવીનકાકા, ડીસા કોલેજના પ્રોગ્રામ ઓફિસર ડૉ.તૃપ્તિ પટેલ, ફોટોગ્રાફર શ્રી જસુભાઇ, શ્રી અનિલભાઈ, જાણીતા સાઈકોલોજીસ્ટ શ્રી નટુભાઈ, સ્નેક રેસ્ક્યુઅર ડૉ. રોહિતભાઈ અને અન્ય પર્યાવરણ વિદો જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમ સાયન્સ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. યોગેશ બી. ડબગર ના માર્ગદર્શન હેઠળ યોજાવામાં આવ્યો હતો.

મુરબ્બી ડૉ નવીન કાકાના અનુભવો અને પ્રકૃતિ જાળવણીનો તેમનો સંદેશ આજના સૌ સહયોગી માટે આશર્વચન સમાન હતો.

જાણીતા ફોટોગ્રાફર શ્રી જશુભાઈએ મોબાઈલ કેમેરા અને પ્રોફેશનલ કેમેરા દ્વારા કેવી ફોટોગ્રાફી કરી શકાય વન્યજીવોની ફોટોગ્રાફી વખતે કઈ બાબતોને ખાસ ધ્યાનમાં રાખવી તે અંગે ગ્રુપને માહિતગાર કર્યા. ડો રોહિત પ્રજાપતિ વિદ્યાર્થીઓને ચોમાસાની ઋતુમાં સાપ સામે રાખવા જેવી સાવધાની, સાપના રેસક્યુ અને સંરક્ષણ બાબતે સંબોધન કર્યું. ડો સુરેશ પ્રજાપતિએ જેસોર વન્યજીવ અભયારણ્યની વન્યજીવ વિવિધતા અને તેના સંરક્ષણ વિશે સૌ સભ્યોને સંબોધિત કર્યા.

ચોમાસાની ઋતુમાં અભયારણ્ય વિસ્તારમાં નવો પલ્લવી થયેલ વનરાજી વિશે સમજાવતા વિદ્યાર્થીઓને પાયાની વનસ્પતિઓ જેવી કે દ્વિઅંગી હંસરાજ જેવી ત્રિઅંગી, વાંસ જેવી એકદળી અને ટીમરુ, દુધી, દુધકડો, ધવ, વડ જેવી દ્વિદળી વનસ્પતિ અંગે અને પતંગિયા પક્ષીઓ રેન્જ દીપડા જેવા નાશપ્રાય પ્રાણીઓ આ અભયારણ્યના આકર્ષક વન્યજીવો છે તે વિશે સૂચિત કરતા, અભ્યારણની જૈવ વિવિધતા વનસ્પતિ -પાણી પ્રાણીસૃષ્ટિના ઉદવિકાસ વિશે પણ સમજણ આપી. બોટનીના પ્રાધ્યાપક ડોક્ટર હરેશભાઈએ કહ્યું કે જંગલનું જતન કરવું એ આપણી નૈતિક ફરજ છે અને જંગલમાં પ્રદૂષણ અટકાવવું એ પણ



આપણે સહિયારી જવાબદારી છે.

આ કાર્યક્રમમાં જોડાયેલ સર્વે સભ્યોએ, ટ્રેકિંગ સાથે વરસાદની મોસમમાં ચારે કોર પથરાયેલ હરિયાળી સભર પ્રકૃતિ ની મોજ માણી અને સમૂહ ભોજન દ્વારા સમૂહ ભાવનાનો પણ દાખલો બેસાડ્યો. તદ ઉપરાંત રસ્તામાં આજુબાજુ પથરાયેલ વેસ્ટ પ્લાસ્ટિક પણ વિદ્યાર્થીઓ દ્વારા એકત્ર કરવામાં આવ્યું.

સાથે સહેલાણીઓને મુલાકાત દરમિયાન પ્લાસ્ટિક પ્રદુષણ અટકાવવા તથા પર્યાવરણની જાળવણી માટે સંદેશ પણ આપ્યો. સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા સંચાલન નેચર ક્લબ કન્વીનર ડો સુરેશ પ્રજાપતિ અને ડો હરેશ ગોંડલીયા એ કર્યું હતું. પર્યાવરણ જાળવણીના આ ભગીરથ કાર્યક્રમમાં ડૉ.સુરેશ પ્રજાપતિ અને ડૉ. હરેશ ગોંડલીયા ના ફેમિલીના સભ્યો પણ જોડાયા હતા.

# જિલ્લામાં ભારે વરસાદથી રોડ સાઈડોનું ધોવાણ, વૃક્ષોનાં મૂળીયાં ઉખળતાં અસંખ્ય વૃક્ષો પડવાનું હજુ જોખમ

**રોડ સાઈડો ધોવાતાં ડામર રોડ પણ તહસ નહસ થવાની સંભાવના**

બાયડ, તા.૧૫

જિલ્લામાં તાજેતરમાં વરસેલા ભારે વરસાદથી કાચા-પાકા મકાનોનાપાયા હચમચતાં મકાનો ધરાશાયી થવાની ઘટનાઓ સામે આવ્યા પછી હવે રોડ સાઈડોનું પણ ભયજનક રીતે ધોવાણ થયું છે. વરસાદી પાણીના કારણે રોડ સાઈડની જમીનો ધોવાઈ તે સાથે વૃક્ષોનાં મૂળીયાં ઉખડી ગયાં છે જેથી અસંખ્ય વૃક્ષો પડવાનું જોખમ વધ્યું છે. ડામર રોડ તહસ નહસ થવાની સંભાવના વ્યક્ત થઈ છે.જિલ્લામાં વરસાદે ધબડાટી બોલવાતાં અનેક વિસ્તારો હજુ પણ જળતરબોળ જોવા મળી રહ્યા છે. વરસાદના કારણે અનેક પરિવારો અસરગ્રસ્ત થયા તે સાથે રસ્તાઓને પણ માઠું નુક્સાન પહોંચ્યું છે. જિલ્લામાં હાઈવે તેમજ ગ્રામ્ય વિસ્તારના ડામર રોડની સાઈડો વરસાદી પાણીના કારણે ધોવાઈ છે. રોડ સાઈડોમાં વરસાદી પાણી અવરોધાયું હોવાના કારણે અસંખ્ય વૃક્ષોનાં મૂળીયાં ધોવાતાં હવે હચમચી ગયાં છે. ગમે ત્યારે ડામર રોડ ઉપર વૃક્ષો ધરાશાયી થવાનું જોખમ ઉઘાડી આંખે જોઈ શકાય છે પરંતુ હજુ સુધી જવાબદાર તંત્ર રોડ સાઈડના ધોવાણના કારણે પડવાના વાંકે ઉભાં વૃક્ષો દૂર કરવામાં નિષ્ફળ રહ્યું છે. જિલ્લાના હાઈવે તેમજ અંતરીયાળ ગામડાઓના ડામર રસ્તાઓની સુધારણા માટે તંત્ર દ્વારા કરોડો રુપિયાનું આંધણ કરવામાં આવ્યું પરંતુ રોડની સાઈડોનું યોગ્ય રીતે મરામત કામ થયું નથી અને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાથી ખેતરોમાં અવરોધાતું પાણી સીધુ રોડની સાઈડોમાં ધસમસતું સીધું રોડ ઉપર વહેતું હોય છે. જેના કારણે ડામર રસ્તાઓને પણ માઠું નુક્સાન પહોંચ્યું છે. જિલ્લામાં ચોમાસા પૂર્વે જોખમી વૃક્ષો દૂર કરવાની સૂચના છતાં તંત્ર દ્વારા તે દૂર કરવામાં આવ્યાં નથી હવે ભારે વરસાદ પછી અસંખ્ય વૃક્ષો રોડ સાઈડ ધોવાવાથી પડવાના વાંકે ઉભાં છે.



# પાલનપુરમાં કોઝી નજીક રોડ પર એક નહિ બે ભૂવા પડ્યા: બે થી ત્રણ ઈંચ વરસાદમાં જ તકલાદી રોડ બેસી ગયા

પાલનપુર તા.૧૫

પાલનપુરમાં છેલ્લા ચાર ત્રણ દિવસથી ભારે વરસાદ થઈ રહ્યો છે ત્યારે કોઝીથી ઢૂઢીયાવાડી જતા જાહેર માર્ગ પર એક નહિ બે મોટા બે ભૂવા પડ્યા છે જેને લઈ રાહદારીઓ અને વાહનચાલકોમાં અકસ્માત થવાનો ભય સતાવી રહ્યો છે .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુરમાં છેલ્લા ચાર દિવસથી ભારે વરસાદ પડ્યો હતો ત્યાંરે શહેરના અનેક નવીન બનાવેલા રોડ રસ્તાઓમાં પણ મસ મોટા ખાડાઓ પડ્યા છે અને અનેક નીચાણ વાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા છે જોકે પાણી ભરાતા અનેક રાહદારીઓ અને વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યો છે ત્યારે કોઝીથી ઢુંઢિયાવાડી જતા જાહેર માર્ગ પર મોટા બે ભૂવા પડતા વાહન ચાલકો અને રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. જોકે સ્થાનિક લોકોએ પાલિકાની જાણ કરવા છતાં પણ પાલિકાની ટીમ દ્વારા કોઈ કામગીરી હાથ ધરવામાં ના આવતા સ્થાનિક લોકો રોષે ભરાયા છે જોકે સ્થાનિક લોકો કહી રહ્યા છે કે મસ મોટા ભુવા ને વહેલી તકે માં પુરવામાં આવે તો મોટી જાનહાની થતા બચી શકે છે.



### ડીસામાં એક જ આધાર કાર્ડ સેન્ટરથી ભારે હાલાકી

# ડીજીટલ ધજાગરા : આધાર કાર્ડ સેન્ટર ઉપર અનિયમિતતાથી લોકોને ધરમના ધક્કા

ડીસા, તા. ૧૫

ડીસા તેમજ તાલુકાના લોકોને આધાર કાર્ડ અપડેટ કરાવવામાં ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છે અને લોકો સરકારી કચેરીના ધરમના ધક્કા ખાઈ રહ્યા છે લાંબા સમયથી આધાર કાર્ડ સેન્ટર પર અનિયમિતતાના કારણે લોકોને મુશ્કેલી વેઠવી પડી રહી છે જેના પગલે ગુરુવારે ડીસા મામલતદાર કચેરીએ સોથી વધુ અરજદારોનું ટોળું આ મામલે રજુઆત કરવા આવતા મામલતદારે તેઓને નવા આધાર કાર્ડ સેન્ટર ખોલવાના પ્રયાસ ચાલુ હોવાનું જણાવી સમજાવ્યા હતા.અત્યારે દરેક પ્રકારના કામ માટે આધાર કાર્ડ ફરજિયાત બની ગયું છે. ત્યારે લોકોને આધાર કાર્ડ નવા બનાવવા તેમજ અપડેટ કરાવવા ડીસામાં માત્ર એક જ સેન્ટર ચાલુ હોવાથી લોકોનો ભારે ઘસારો રહે છે. ડીસામાં એક-બે બેંકોની શાખાઓમાં આધાર કાર્ડ સેન્ટર ચાલે છે. જેમાં પણ શનિ-રવિની રજા, જાહેર રજા, ઓપરેટરની ગેરહાજરી સહિતના પ્રશ્નોના કારણે લોકો મામલતદાર કચેરી કમ્પાઉન્ડમાં આવેલા એકમાત્ર આધાર સેન્ટરનો ભરોસો રાખવો પડે છે. છેલ્લા કેટલાક દિવસોથી લોકોનો ખૂબ જ ઘસારો વધી જતા દરરોજ માત્ર ૩૦ જ લોકોને ટોકન આપવામાં આવે છે. જેના કારણે દૂર દૂર ગામોમાંથી આવતા અન્ય લોકોને ધક્કો પડે છે. આ સિવાય પણ આ આધાર કાર્ડ સેન્ટરમાં ક્યારેક ઓપરેટર હાજર હોતા નથી. તો ક્યારેક પ્રિન્ટર બગડેલું હોય છે.નેટના ધાંધિયા કાયમી સહિતના અનેક પ્રશ્નોના કારણે આ સેન્ટર રેગ્યુલર રીતે ચાલતું નથી. જેથી લોકોની હાલાકી વધી જાય છે. દરરોજ ૧૦૦ થી વધુ લોકોને ધક્કા ખાઈને પરત જવું પડે છે. ત્યારે આજે મામલતદાર કચેરી કમ્પાઉન્ડમાં આવેલા આધાર સેન્ટર પર છેલ્લા કેટલાય દિવસોથી ઈન્ટરનેટ કનેક્શન ઉપલબ્ધ નથી જેના પગલે ૧૦૦ થી વધુ અરજદારો છેલ્લા કેટલાય દિવસોથી હેરાન થઈ રહ્યા છે. આ મામલે લોકો ગુરુવારે રજુઆત કરવા મામલતદાર કચેરીમાં ધસી આવ્યા હતા. જેઓએ મામલતદારને પોતાને પડતી હાલાકી અંગે રજૂઆત કરી હતી.

**વધુ સેન્ટર ખોલાશે : મામલતદાર**

આ અંગે ડીસા શહેર મામલતદાર એસ.ડી.બોડાણાએ જણાવ્યું હતું કે, ડીસામાં આધાર કાર્ડ સેન્ટર પર વધુ આધાર કાર્ડ બને તે માટે તેની કેપેસિટી વધારવાની તેમજ નવા આધાર કાર્ડ ખોલવા માટેની મંજૂરીની પ્રોસેસ ચાલી રહી છે. જે મંજૂર થતાં અન્ય આધાર કાર્ડ સેન્ટર ખોલવામાં આવશે. તેમજ આજે પ્રિન્ટર બગડેલું હોવાથી લોકોને થોડીક હાલાકી પડી છે. જે અંગે પણ તુરંત જ કાર્યવાહી કરવામાં આવશે.

# પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે અન્ન મિલેટ્સ વાનગી હરીફાઇ યોજાઇ

**આઇ.સી.ડી એસ મહિલા અને બાળવિકાસ દ્વારા કાર્યક્રમ યોજાયો : આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ નિમિત્તે કાર્યક્રમ યોજાયોઃ આંગણવાડી મહિલા કાર્યકરો પોતાના ઘરેથી વાનગીઓ બનાવીને લાવી : પ્રાંતિજ-તલોદ પ્રાંન્ત અધિકારી ભાજપ મહિલા મોરચાની બહેનો ઉપસ્થિત રહી : બેસ્ટ વાનગીમાં પ્રમાણ પત્ર ટોફી આપી સન્માનિત કરવામા આવ્યા**

પ્રાંતિજ તા ૧૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે શ્રી અન્ન મિલેટ્સ વાનગી હરીફાઇ યોજાઇ હતી જેમા આંગણવાડી કાર્યકરો બહેનો દ્વારા અલગ-અલગ વાનગીઓ બનાવી હતી.

પ્રાંતિજ રેલ્વેસ્ટેશન ઉપર આવેલ તાલુકા પંચાયત ના હોલ ખાતે આઇ.સી.ડી એસ મહિલા અને બાળવિકાસ દ્વારા પ્રાંતિજ અર્બન ખાતે આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ નિમિત્તે શ્રી અન્ન મિલેટ્સ વાનગી હરીફાઇ કાર્યક્રમ રાખવામા આવ્યો હતો જેમા આંગણવાડી કાર્યકર મહિલાઓ દ્વારા પોતાના ઘરેથી અલગ-અલગ મિલેટ્સ માંથી બનેલ વાનગીઓ બનાવીને લાવી હતી જેમા રસોઈ હરીફાઈ માં મીલેટસ એટલે કે જાડા ધાન જેવા કે જુવાર, મોરૈયો ,કોદરી, મકાઈ, બાજરી જેવા અનાજમાંથી જુદી જુદી પ્રકારની જીભે વર્ગી જાય તેવી વાનગી બેનો દ્વારા બનાવવામાં આવી હતી તેમજ વધતા જતા રોગો જેવા કે ડાયાબિટીસ બીપી કેન્સર વિશે જાણકારી આપી અને આના ઉપયોગ કરવાથી તેના ફાયદા ની જાણકારી આપી હતી અને વાનગી હરીફાઈ માં બહેનોએ ખૂબ જ સુંદર વાનગીઓ બનાવી હતી તે આકર્ષણ નું કેન્દ્ર બની જવા પામી હતી તો ઉપસ્થિત પ્રાંન્ત અધિકારી તથા ભાજપ મહિલા મોરચા ની બહેનો દ્વારા આ વાનગીને આરોગીને તેની સ્વાદ વિશેની સારી જાણકારી આપી હતી પ્રાંતિજ-તલોદ ના પ્રાંન્ત અધિકારી એમ.એન ડોડીયા આ વાનગી ખાઈને ખુશીમાં જુમી ઉઠ્યા હતા એટલી સરસ વાનગી બેનો દ્વારા બનાવી હતી આ વાનગી હરીફાઈ માં વિજેતા બહેનોને નંબર આપી ઉપસ્થિત મહેમાનો ના હસ્તે પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવ્યા હતા જેમા પ્રાંતિજ ખાતે કાર્યરત જાયન્ટસ ગૃપ પ્રાંતિજ સહેલી દ્વારા ઈનામ અને પ્રમાણપત્ર આપવામા આવ્યા હતા તો આ પ્રસંગે પ્રાંતિજ-તલોદ ના પ્રાંન્ત અધિકારી એમ.એન. ડોડીયા, તાલુકા હેલ્થ ઓફિસર ડાં એ. એચ.સોલંકી , મહિલા મોરચાના મંત્રી સોનલબેન દેસાઇ, ઉપપ્રમુખ પદમાબેન રાવલ, ઉપપ્રમુખ રિધ્ધીબેન ભટ્ટ, મંત્રી મીનાબેન, મંત્રી સુર્યાબેન, ભગવતી બેન પટેલ, હેતલબેન , પ્રાંતિજ આઈસીડીએસ નો તમામે-તમામ સ્ટાફ તેમજ કાર્યકર બહેનો તથા આંગણવાડી કાર્યકર બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.



